ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર રૂ. ૧૫૦૦ આપો મગફળીનો ભેજ ભગાવો

ભ્રષ્ટાચારનો સનસનાટીભર્યો આક્ષેપ કર્યો મેઘરજના ખેડૂતે

મેઘરજ, તા. ૨૩

મેઘરજમાં ટેકાના ભાવે મગફળી વેચવી હોય તો વચેટિયાઓનો 'ટેકો' જરૂરી બન્યો, ખેડૂતો ખુલ્લા બજારે વેચવા મજબૂર બન્યા હોય તેવી ઘટના બહાર આવતા ખરીદ કેન્દ્રો પર ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનો ખેડૂતે આક્ષેપ કર્યો હતો.

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ટેકાના ભાવે મગફળી વેચાણ માટે આવતા ખેડૂતોને કડવો અનુભવ થઈ રહ્યો છે. વેપારીઓને મગફળી ખરીદાય છે તો ખેડૂતોની મગફળી માટે નાણાં માંગવાની બુમો ઉઠી રહી છે.

રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદીની શરૂઆત કરી છે તો બીજી બાજુ વચેટિયાઓ મનફાવે તેમ ઉઘરાણા કરવાની ઘટનાઓ પણ બની રહી હોવાની માહિતીઓ પ્રાપ્ત થઈ છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના માર્કેટ યાર્ડમાં મગફળી વેચાણ માટે ગયેલા ખેડૂતને તેનો અનુભવ થયો છે. ખેડૂતે આક્ષેપ કર્યો હતો કે, મગફળીમાં કચરો અને હવા છે, માટે તમારી મગફળી ખરીદી કરવામાં નહીં આવે. કેટલાક વચેટિયાઓ ખેડૂતો પાસે પંદરસો સુધીના નાણાંની માંગ કરવાની પણ ખેડૂતો રોષ ઠાલવ્યો હતો. ખેડૂતે તેના મહામુલા પાક વેચવા વચોટિયાઓને નાણાં આપવા પડતા હોવાની કેમેરા સામે રજુઆત કરતા કરતા આંખમાં પાણી આવી ગયું હતું.

ટેકાના ભાવે વેચાણ કરીને ખેડૂતોને નાણાં સત્વરે નહીં મળતા માર્કેટમાં બસોથી ત્રણસો રૂપિયા ઓછા ભાવે વેચાણ કરવા મજબૂર બન્યા છે. એક બાજુ રવિ સીઝનની વાવણી માટે રૂપિયાની જરૂરિયાત ઉભી થતા ખેડૂતો તેમની મગફળી ૭૫૦ થી ૮૫૦ સુધી મણના ભાવે વેચાણ કરી રહ્યા છે. જેથી ખેડૂતોમાં ક્યાંકને ક્યાંક રોષ જોવા મળી રહ્યો છે. ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ખેડૂતોને રસ ન હોવાથી મોડાસા માર્કેટયાર્ડમાં વહેલી સવારથી ૩૦૦થી વધુ મગફળીના ટ્રેક્ટરની લાંબી કતારો જોવા મળી હતી.

એક બાજુ મેઘરજ માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે ખેડૂતોની મગફળી નહીં ખરીદવાની બુમો ઉઠી છે. તો બીજી બાજુ રવિ પાક તેમજ ઘર ચલાવવા ખેડૂતો ઓછા ભાવે મગફળી ખુલ્લા બજારમાં વેચવા મજબૂર બન્યા છે. ત્યારે જગતના તાત સામે સરકાર ક્યારે જુએ છે તે જોવું રહ્યું.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો પ્રારંભ પાલાવાસણા ખાતેથી કરાશે

મહેસાણા, તા. ૨૩

શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યના નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ બાળકોને ૦૪ ડી પ્રમાણે આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવે છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લામાં જિલ્લા પ્રભારી મંત્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં ૨૫ નવેમ્બરે સવારે ૧૦ કલાકે પાલાવસણા ખાતે કાર્યક્રમ યોજાનાર છે.

બાળકોના આરોગ્યની ચકાસણી કાર્યક્રમના સમારોહનું આયોજન ૨૫ નવેમ્બર ૨૦૧૯ના રોજ સોમવારે સવારે ૧૦ કલાકે પાલાવાસણા ગામે શહિદ વીર પ્રહલાદ પટેલની વાડી ખાતે થનાર છે. બાળકોની આરોગ્યની ચકાસણી અભિયાન સમારોહનું આયોજન કરાયેલ છે. કાર્યક્રમમાં સંસદ સભ્યો સહિત જિલ્લાના ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ ઉપસ્થિત રહેનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા જિલ્લા આરોગ્ય અધિકારીએ આમંત્રણ પાઠવેલ છે.

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગની ટીમ મંગળવારે મહેસાણાની મુલાકાત કરશે

મહેસાણા, તા. ૨૩

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષશ્રી મનહર વાલજીભાઈ ઝાલા આયોગની ટીમ સાથે ૨૬ નવેમ્બર મંગળવારે મહેસાણા જિલ્લાની મુલાકાત કરનાર છે. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નવી દિલ્હીની ટીમ દ્વારા મહેસાણા જિલ્લાની મુલાકાત કરનાર છે. ૨૬ નવેમ્બર ૨૦૧૯ને મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે સરકીટ હાઉસ મહેસાણા ખાતે બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠકમાં સફાઈ કર્મચારીઓને લગતા પ્રશ્નોની, સરકારશ્રીની વિવિધ યોજનાઓની સમીક્ષા સહિત વિવિધ બાબતો પર સંકલન, સમીક્ષા અને ચર્ચા થનાર છે. આ બેઠક બાદ આયોગની ટીમ સ્લમ વિસ્તારની મુલાકાત પણ લેનાર છે. બેઠકમાં જિલ્લા કલેકટર એચ.કે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી, જિલ્લા પોલીસ અધિક્ષક મનિષ સિંહ, નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડ, પ્રાન્ત અધિકારી સર્વે મામલતદાર સર્વે, ચીફ ઓફિસર સર્વે, સમાજ કલ્યાણના અધિકારીઓ સહિત સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

બનાસ નદીમાં નર્મદાનાં નીર છોડવામાં આવતાં ખેડૂતોમાં ખુશીની લહેર

પ્રાપ્ત અહેવાલ અનુસાર કાંકરેજ તાલુકાની જીવાદોરી સમાન ગણાતી બનાસ નદીમાં કાંકરેજ ધારાસભ્ય કીર્તિસીહ વાઘેલાએ સરકાર સામે ધારદાર રજુઆત કરી હતી. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વીજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કાંકરેજના ખેડૂતોના હિતમાં નિર્ણય લઈ બનાસ નદીમાં નર્મદાના નીર છોડવાની પરવાનગી આપી હતી. તા. ૨૨-૮-૨૦૧૯ના રોજ સવારે સાડા નવ વાગ્યે કીર્તિસીહ વાઘેલા, ભારતસિંહ મહામંત્રી, તેજાભાઈ દેસાઈ પ્રમુખ તાલુકા પંચાયત કાંકરેજ, કિશોરભાઈ પ્રજાપતિ, ઈશુભા વાઘેલા, ડી.ડી. જાલેરા, ઝેનુભા વડા, ઈશ્વરભાઈ પટેલ, ઉંબરી પૂર્વ સરપંચ બાબુજી (દાઢી), કાનજી સોલંકી સરપંચ કંબોઈ સહિત તમામ હોદ્દેદારો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાંકરેજ તાલુકાના ઉંબરી માળી ગોળીયા સાઈફનમાંથી સુજલામ સુફલામ કેનાલના પાણીને બનાસ નદીમાં છોડવામાં આવ્યું હતું અને શ્રીફળ ફૂલથી નર્મદાના નિરના વધામણાં કર્યા હતા. એક મહિના સુધી આ પાણી ચાલુ રાખવાનો પ્રયત્ન કરવામાં આવશે અને પછી ખેડૂતોને બોરના પાણીના તળ ઉંચા આવશે જેને લીધે ખેડૂતો માટે ખુશીના સમાચાર જોવા મળ્યા હતા.

ટ્રાફિક નિયમોના અમલમાં ગુજરાતમાંથી સૌથી વધુ દંડ

ગુજરાતીઓ પાસેથી ૧૦૧ કરોડની વસુલાત : ટ્રાફિક દંડ પેટે કુલ રૂપિયા ૫૭૭ કરોડ સુધીની વસૂલાતમાં ગુજરાતનો ૧૭.૫૦ ટકાનો હિસ્સો : ૨.૨૨ લાખ મેમો

તાજેતરમાં દેશના વાહનવ્યવહાર મંત્રાલયે આપેલી માહિતી મુજબ દેશના ૧૮ રાજ્યોમાં નવા ટ્રાફિક દંડ પેટે બે મહિનામાં કુલ ૫૭૭ કરોડની વસૂલાત થઈ છે. જેમાં ગુજરાત રાજયમાંથી સૌથી વધુ દંડ વસૂલાયો છે, એકલા ગુજરાતમાંથી ૧૭.૫૦ ટકા દંડ વસૂલ કરવામાં આવ્યો છે. રકમની દ્રષ્ટિએ જોઈએ તો, છેલ્લા બે મહિનામાં ગુજરાતીઓ પાસેથી પોલીસે દંડ પેટે રૂ.૧૦૧ કરોડ ખંખેરી લીધા છે. એચએસઆરપી અને પીયુસીમાં રાહત વચ્ચે ગુજરાતમાં ટ્રાફિકના નિયમોનું ભંગ કરવા બદલ ૨.૨૨ લાખ મેમો ફાટ્યા છે. અલબત્ત, ઉત્તરપ્રદેશમાં ૯.૮૩ લાખ મેમા ફાટયા છે પરંતુ સામે આટલા બધા મેમાની સામે રૂ.૨૦૧.૯૧ કરોડનો દંડ વસૂલાયો છે. આમ, યુપીમાં સૌથી વધુ દંડની રકમ વસૂલાઈ છે અને ગુજરાત બીજા નંબરે છે પરંતુ વસૂલાતની દ્રષ્ટિએ ગુજરાતીઓ દંડની રકમ ભરવામાં સૌથી વધુ ભોગ બન્યા છે કારણ કે, ૨.૨૨ લાખ મેમા પેટે જ ગુજરાતીઓ પાસેથી રૂ.૧૦૧ કરોડથી વધુની રકમ ખંખેરાઈ છે. ગુજરાતમાં ટ્રાફિક ભંગના નિયમ બદલ સરકારે દંડની રકમમાં ૪૦૦થી ૯૦૦ ટકાનો વધારો ઝીંક્યો છે. ત્યારે દંડની રકમમાં જંગી વધારા બાદ બે મહિનામાં સરકારે ગુજરાતીઓના ખિસ્સામાંથી ૧૦૧ કરોડ ખંખેરી લીધા છે. આમ નવા કાયદાના અમલથી સરકારી તિજોરી છલકાઈ છે અને ગુજરાતીઓ જ મેઈન ટાર્ગેટ બન્યા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. દેશમાં ૧૮ રાજ્યોમાં વસૂલાયેલા દંડના આંકડા મુજબ સૌથી વધુ દંડની રકમ ઉઘરાવવા મામલે ગુજરાત ઉત્તરપ્રદેશ બાદ બીજા નંબરે છે. ગુજરાતમાં ૨.૨૨ લાખ મેમા ફાટ્યા છે અને દંડ પેટે ૧૦૧ કરોડ વસૂલાયા છે. જ્યારે ઉત્તરપ્રદેશમાં ૯.૮૩ લાખ મેમા સામે દંડ પેટે ૨૦૧ કરોડ ઉઘરાવ્યા છે.

શિહોરી જીઈબીમાં કાંકરેજના ખેડૂતોએ એકઠા થઈ શિહોરી અને ડીસાના કાર્યપાલક ઈજનેર પટેલને વીજ ચેકીંગ બંધ કરવા માટે રજુઆત કરી હતી અને પછી અન્ય મુદ્દાઓ વિષે આવેદનપત્ર આપ્યું હતું અને પછી રેલી યોજી મામલતદાર કચેરીમાં પહોંચ્યા હતા ત્યારે કાંકરેજ મામલતદાર શ્રીમતી એમ. ટી. રાજપુતને પણ આવેદનપત્ર આપ્યું હતું અને બનાસ નદીમાં પાણી છોડવા માટે આવેદનપત્ર આપ્યું હતું ત્યારે મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. જોકે સવારથી સાંજ સુધી અંતે ખેડૂતોએ પોતાની માંગો ઉપર અટલ રહ્યા હતા. ત્યારે જીઈબીના અધિકારીઓએ આવેદનપત્ર લઈ માંગણીઓ સ્વીકારી લીધી હતી. ત્યારે ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. ખેડૂતોને ચોમાસામાં બોર બંધ હોવાથી અત્યારે ચેકીંગ કરવામાં આવે ત્યારે લોડ વધારો આવતો હોવાથી આંદોલનનો માર્ગ ઉપર પોતાની માંગણીઓ સરકાર સામે અને વીજ કંપની સામે મૂકી છે. ત્યારે તંત્ર દ્વારા ખેડૂતોની માંગણીઓ ક્યારે પુરી પાડવામાં આવશે તે જોવું રહ્યું.

વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા યાજાયો સ્નેહમિલન કાર્યક્રમ

વડગામ, તા. ૨૩

વડગામ યુવા અને જાગૃત ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા વડગામ ખાતે નવા વર્ષ નિમિત્તે તાલુકાનો સ્નેહમિલન કાર્યક્રમ યાજાયો હતો.

જેમાં બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દીનેશભાઈ ગઢવી, થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપુત, જિલ્લા પંચાયતના સદસ્ય લક્ષ્મીબેન કરણ તથા તાલુકા તેમજ જિલ્લા પંચાયતના ચુંટાયેલા સદસ્યો સહીત મોટી સંખ્યામાં તાલુકાના આગેવાનોની ઉપસ્થિતિમાં વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યાજાયો હતો. જેમાં તાલુકા મતવિસ્તારના મતદારોને તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસના અગ્રણીઓને નવા વર્ષની શુભેચ્છા મુલાકાતોની આપ-લે કરાઈ હતી. આ કાર્યક્રમમાં તાલુકાના કેટલાક યુવાનો દ્વારા તાજેતરમાં લેવાયેલી બિન સચિવાલયની પરીક્ષામાં ગુજરાતના કેટલાક જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો ઉપર ભારે ગેરરીતિઓ થઈ હોવાની સોસ્યલ મિડીયામાં વિડીઓ વાયરલ થયો હોવાના આક્ષેપ કરાયા છે તેમજ સોમગીરનાથ, બનાસકાંઠા અને ચોટીલા જેવા શહેરોમાં તો પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા જ જવાબો લખાવતા તેમજ ભાવનગર જિલ્લામાં તો પરીક્ષા અગાઉ જ પ્રશ્નપત્ર ફુટ્યુ હોવાના ગંભીર આક્ષેપ સાથે વડગામના જાગૃત ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સમક્ષ આવેદનપત્ર આપીને સરકારનું ધ્યાન દોરવા તેમજ ન્યાય અપાવવા અપીલ કરવામાં આવી હતી તેમજ આંગણવાડી કર્મચારી યુનિયનના પ્રમુખ ચંપાબેન પરમાર દ્વારા આંગણવાડી બહેનો ફોન આપીને ઓનલાઈન કામગીરી કરાવવામાં આવી રહી છે. જેમા આંગણવાડીની કેટલીક બહેનો ઓછું ભણેલી હોવાથી મોબાઈલની કામગીરીમાં મુશ્કેલીઓ બાબતે રજૂઆત કરી હતી તેમજ સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં ચુકવવામાં આવતી કન્ટીન્સીની ગ્રાન્ટમાં બનાસકાઠા જિલ્લા તાલુકા કક્ષાએ બેઠેલા સીડીપીઓ દ્વારા કન્ટીન્સીની ખરીદીમાં ભારે બે ભષ્ટ્રાચાર આચરવામાં આવ્યો હોવાનું જણાવ્યુ હતુ જેમાં પણ ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તે માટે રજૂઆતો કરાઈ હતી. આ કાર્યક્રમમાં વડગામ કોંગ્રેસના અગ્રણી મનુભાઈ રાઠોડ, વડગામ સેવાદળના અગ્રણી વિરાભાઈ વણઝારા, ગોપાલસિહ રાજપુત, દેવુસિંહ ડાભી, માહી પંચાયતના ડે.સ. બાબુલાલ જગાણીયા, વણસોલ સરપંચ ભિખ્ખનખાન ઘાસુરા, સહીત તાલુકા સરપંચો, સહીત તાલુકા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામને વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા નવા વર્ષની આપ લે કર્યો બાદ નવું વર્ષ વડગામની જનતાને સુખમય અને યશસ્વી નિવડે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

મહાનાટક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પવારને સાથે રાખીને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ફરીથી સરકાર બનાવીને અઘાડી સરકાર બનાવવાના સપના જોનાર ત્રણ પક્ષોને ભારે આંચકો આપ્યો હતો. આશ્ચર્યજનક રીતે શપથવિધિ વખતે ભાજપ કે એનસીપી પક્ષના કોઈ મોટા નેતા હાજર રહ્યાં નહોતા. મહારાષ્ટ્રમાં ૨૫ હજાર કરોડના એક સહકારી બેંક ગોટાળાના આરોપી અજીત પવાર પોતાની સાથે એનસીપીના ૨૨ ધારાસભ્યો હોવાનો દાવો કરીને ભાજપની નવી સરકારમાં જોડાયા હતા. જો કે પોતાના ભત્રીજા અજીતના આ પગલાથી ભારે આંચકો અનુભવનાર શરદ પવારે ખુલાસો કર્યો કે અજીતની સાથે એનસીપી નથી. એ તેનો એકલાનો નિર્ણય છે. મોટા ભાગના ધારાસભ્યો અમારી સાથે જ છે. નવી સરકાર રચાતાં દેવેન્દ્ર ફડણવીસની સીએમપદે વાપસી થઈ હતી. અને છેલ્લાં એક મહિનાથી કોણ સરકાર બનાવશે તે અંગે ચાલતી રાજકિય ગતિવિધિનો પણ નાટ્યાત્મક રીતે અંત પણ આવ્યો હતો. દરમ્યાનમાં નવી સરકારને ૩૦ નવે. સુધીમાં બહુમતિ પૂરવાર કરવાનો સમય રાજભવન દ્વારા આપવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રમાં ગઈકાલ શુક્રવારે દિવસભર શિવસેના અને સાથી પક્ષો એનસીપી તથા કોંગ્રેસના નેતાઓની બેઠકો યોજાઈ હતી. સીએમ માટે ઉદ્ધવ ઠાકરેના નામ પર એકમતિ સધાઈ હતી અને આજે શનિવારે રાજ્યપાલને મળીને સરકાર રચવા આમંત્રણ આપવાની દરખાસ્ત રજૂ કરવાની રણનીતિ ઘડાઈ હતી. પરંતુ શુક્રવારની રાતથી જ ભાજપે એનસીપીના અધ્યક્ષ શરદ પવારના ભત્રીજા અજીત પવારને ફોડી નાંખ્યા હતા અજીતે પોતાની સાથે ૨૨ ધારાસભ્યો હોવાનો ભાજપ સમક્ષ દાવો કર્યો હતો. ભાજપે તરત જ રાજભવન જઈને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. મહારાષ્ટ્રમાં ૧૨ નવે.થી રાષ્ટ્રપતિ શાસન છે. તેથી સરકાર બનાવવાનો માર્ગ મોકળો કરવાની વહીવટીય પ્રક્રિયા માટે રાજભવનથી લઈને દિલ્હીમાં ગૃહમંત્રાલય અને રાષ્ટ્રપતિ ભવનના સ્ટાફ દ્વારા રાજ્યપાલની રાષ્ટ્રપતિ શાસન દૂર કરવાની ભલામણ, આ અંગેનું જાહેરનામુ બહાર પાડવુ તે અગાઉ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સહી લેવી વગેરે.ની બંધારણિય કાર્યવાહી ઘડિયાળના કાંટે હાથ ધરીને તેની જાણ રાજભવનને કરવામાં આવી અને આજે સવારે જ્યારે દેશ હજુ તો જાગે તે પહેલા રાજભવનમાં નવી સરકારની રચના અને શપથવિધિના સમાચારો વહેતા થતાં સૌ કોઈને નવાઈ લાગી હતી.

કેમ કે આજે શનિવારે શિવસેના સહિતના ત્રણ પક્ષોના નેતાઓ રાજભવન જઈને અમારી પાસે સરકાર રચવાની બહુમતિ હોવાના પુરાવા આપીને તેમને નવી સરકારની રચના માટે આમંત્રણ આપવાની તૈયારી કરી રહ્યાં હતા. પરંતુ તેઓ પહોંચે તે પહેલા ભાજપે એનસીપીમાં ગાબડુ પાડીને શિવસેનાની બાજી ઉંધી વાળી નાંખી હતી. નોંધનીય છે કે સીએમ પદને લઈને જ શિવસેના અને ભાજપ વચ્ચે ચૂંટણી પરિણામો પછી તકરાર અને તિરાડ પડી હતી. શિવસેના, ભાજપને મહારાષ્ટ્રના રાજકિય શતરંજની બિસાત પર મ્હાત કરવા એનસીપી અને કોંગ્રેસનો સાથ મેળવીને ચેક મેટ કરે તે પહેલાં જ ભાજપે શિવસેનાનો × કિંગ × ઉડાડી નાંખ્યો હતો.

ટૂંક સમયમાં સીએમ પદના શપથ લેવાની તૈયારી કરનાર શિવસેનાના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરેએ ભાજપ-એનસીપી(અજીત)ની નવી સરકારની રચના બાદ ભાજપના આ પગલાથી દેખીતી રીતે જ વિચલિત થઈને એનસીપીના સુપ્રિમો શરદ પવારની સાથે પત્રકાર પરિષદ યોજીને તેમની મિત્રતામાં વિશ્વાસ રાખીને જાહેર કર્યું કે શરદ પવાર અમારી સાથે છે. જ્યારે કોંગ્રેસે, નવી સરકારની રચનાને કોર્ટમાં લઈ જવાની જાહેરાત કરીને સરકાર તો અમે જ બનાવીશુ, એવો દાવો પણ કર્યો હતો. શુક્રવારના રાતના ૯ વાગ્યાથી લઈને વહેલી સવાર સુધી એક પછી એક તમામ વહીવટીય પ્રક્રિયાઓ ઉતાવળે આટોપાઈ ગયા બાદ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ દિલ્હીની મુલાકાત રદ કરીને આજે સવારે ૭.૩૦ વાગે દેવેન્દ્ર ફડણવીસને સીએમ અને અજીત પવારને નાયબ સીએમપદના હોદ્દા અને ગુપ્તતાના સોગંદ લેવડાવતાં દેશ આખામાં આજે દિવસભર આ જ રાજકીય ઘટના ચર્ચાના કેન્દ્રસ્થાને રહી હતી. જો કે શપથવિધિ વખતે માત્ર સત્તાવાર અધિકારીઓ જ હાજર રહ્યાં હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ત્યારબાદ તરત જ ટ્વીટ કરીને નવી સરકારના સીએમ અને નાયબ સીએમને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજકિય સૂત્રોનું માનવુ છે કે એક રીતે જોઈએ તો સરકાર બનાવવા ઈચ્છુક ત્રણેય પક્ષોના નેતાઓ ઉંઘતા ઝડપાયા હોવાનું કહી શકાય.

દબાણ વધ્યું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પણ પોતાના ધારાસભ્યોની સાથે મુંબઈની હોટેલમાં પહોંચ્યા હતા. બીજી બાજુ મહારાષ્ટ્રમાં રાજકીય ઘટનાક્રમનો દોર જોરદાર રીતે જારી રહ્યો છે. એનસીપીની બેઠકમાં પહોંચેલા ધારાસભ્યોની સંખ્યા ૪૮ જેટલી પહોંચી ચુકી છે. એનસીપીની બેઠકમાં અજીત પવાર નાયબ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપે તેવી માંગ ઉભરીને આવી હોવાના સમાચાર મળ્યા છે. રાજકીય ઘટનાક્રમનો દોર આગામી દિવસોમાં જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ શિવસેનાના નેતાઓની બેઠક ચાલી રહી છે.

શિવસેના, કોંગ્રેસ અને એનસીપી સરકાર રચવાની નજીક પહોંચ્યા હતા ત્યારે રાતોરાત ઘટનાક્રમો બદલાયા હતા. મહારાષ્ટ્રના રાજકીય ઘટનાક્રમ પર વાત કરતા કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને જેડીએસના નેતા કુમારસ્વામીએ કહ્યું હતું કે, દેશમાં દરેક વ્યક્તિ રાજનીતી કરી રહી છે. મહારાષ્ટ્રમાં રાજકીય ઘટનાક્રમ અંગે તમામ પક્ષો પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. તમામ પક્ષો મહારાષ્ટ્રની ઘટનાને લઈને હેરાન દેખાઈ રહ્યા છે.

સરકાર બનાવીશું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પવારે કહ્યું, 'મને આજે સવારે ૬:૩૦ વાગ્યે શપથ વિધિ વિશે માહિતી આપવામાં આવી હતી. પક્ષના નેતાની પસંદગી દરમિયાન ધારાસભ્યોની સહીઓ લેવામાં આવી હતી અને મને આશંકા છે કે આ સહીવાળો પત્ર રાજભવનમાં આપવામાં આવ્યો હશે. શરદ પવારની સાથે પ્રેસ કોન્ફરન્સમાં એનસીપીના કેટલાક ધારાસભ્યો પણ આવ્યા હતા. આ ધારાસભ્યોએ પોતે પવાર સાથે હોવાની વાત કરી છે. પવારે કહ્યું કે અમારી પાસે ૧૫૬ ધારાસભ્યોનું સમર્થન છે અને જે એનસીપીના કાર્યકર છે તે અજિત પવાર સાથે નહીં જાય. પક્ષના વડાએ કહ્યું કે એનસીપીનો કોઈ કાર્યકર એનસીપી-ભાજપ સરકારના સમર્થનમાં નથી.

જ્યારે, શિવસેનાના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરેએ ભાજપ પર ફરી એકવાર પ્રહારો કરતાં કહ્યું કે આખો દેશ ભાજપનો ચાલી રહેલો ખેલ જોઈ રહ્યો છે. ઠાકરેએ કહ્યું કે મને માહિતી મળી છે કે રાષ્ટ્રપતિ શાસન હટાવવા માટે સવારે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બોલાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે શિવસેનાએ જનાદેશનો આદર કર્યો છે અને અમે જે કરીએ છીએ તે ખુલ્લેઆમ કરીએ છીએ.

એકશન પ્લાન...

● **છેલ્લા પાનાનું ચાલુ**

જાન્યુઆરીથી નિયમિત રીતે તે પ્રમાણે સમીક્ષા હાથ ધરવામાં આવશે.

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચુકાદાને પગલે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ નોડલ એજન્સી બનાવી રાજ્ય સરકારે નિયમિત મોનીટરીંગની જવાબદારી જિલ્લા કલેકટરને સુપ્રત કરી છે. જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સેગ્રીગેશન સેડ બનાવવામાં ગતિ આવે તે માટે પણ સૂચનાઓ કલેકટર દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં પણ ઘન કચરાના નિકાલ માટે કાર્યવાહી ઝડપી બનાવવાની સૂચના અપાઈ છે.

જિલ્લાના પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણ અંગેનો એકશન પ્લાન તૈયાર કરી આગામી બેઠકમાં રજુ કરવાની પણ દરેક સંબંધિત વિભાગોને તાકીદ કરાતાં હવે તંત્ર પણ સતર્ક બન્યુ છે. કેટલાક વિભાગોએ તો આ દિશામાં કાર્યવાહી આરંભી દીધી હોવાનું પણ જામવા મળેલ છે.

નિયંત્રણનો અભાવ...

● **છેલ્લા પાનાનું ચાલુ**

લીધે માર્ગ અકસ્માતોનુ જોખમ યથાવત છે. જયારે ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ પણ મુખ્યમાર્ગોના કોસ રસ્તાઓ બંધ કરાયા નથી જેના લીધે સિગ્નલ મેચ કરવા સ્પીડમાં જતા વાહનો કોસ રસ્તા પર ગમે ત્યારે જાનલેવા અકસ્માત નોતરે તેવી દહેશત વધુ પ્રબળ બની છે. સિગ્નલ કાર્યરત થયા બાદ ડાબી બાજુનો વાહન વ્યવ્હાર પણ ચાલુ રાખવાના નિયમનો યોગ્ય અમલ થઈ શકતો નથી શહેરના આડા રસ્તાઓ પુરતા પહોળા ન હોવાથી વાહન ચાલકો લેન જાળવી શકતા નથી. આવા સંજોગોમાં માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈ ટ્રાફિક નિયમનના કડક અમલની સાથે ગતિ નિયંત્રણ અને કોસ રસ્તા બંધ કરવાની વાતનો અમલ કરવા પણ અનિવાર્ય છે.

૩૭૯૫ કરોડનું પેકેજ...

● **છેલ્લા પાનાનું ચાલુ**

અને મંત્રીમંડળની બેઠકમાં પણ મંત્રીઓએ આ અંગે વિગતવાર ચર્ચા કરેલ અને તા. ૧૩.૧૧.૨૦૧૯ ના રોજ પ્રથમ તબક્કે રાજ્યના અસરગ્રસ્ત ખેડૂતોને ૭૦૦ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવેલ. તે

જાહેરાત વખતે જ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને કૃષિ મંત્રી આરસી ફળદુએ સ્પષ્ટતા કરી હતી કે કૃષિ વિભાગ ધ્વારા વ્યાપક સર્વે કરવામાં આવી રહ્યો છે તેની વિગતો ઉપલબ્ધ થયેથી વધારાની મોટી રકમનું સહાય પેકેજ જાહેર કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને તા. ૨૧.૧૧.૨૦૧૯ ના રોજ યોજાયેલ બેઠકમાં કૃષિ વિભાગ ધ્વારા ખેતી નુકસાન અને પાક પરિસ્થિતીની સંપૂર્ણ વિગતો રજૂ કરવામાં આવેલ અને તેના પર વ્યાપક ચર્ચા કરી તા. ૧૫-૧૦-૧૯થી ૨૦-૧૧-૧૯ સુધી થયેલ કમોસમી વરસાદને ધ્યાને લઈ રાજ્ય સરકારે કુલ ૩૭૯૫ કરોડની માતબર રકમનું રાહત પેકેજ મંજૂર કરેલ છે.

રંગ-ઉમંગ

● **ચોથા પાનાનું ચાલુ**

બોલવું ખૂબ જ ગમે છે, સાંભળવાનું ઓછું. વાતચીત દરમિયાન આપણે વચ્ચે કશું જ વચ્ચે બોલીએ તો તેઓ આપણું સાંભળે જ નહિ. તેમને પૂછીએ થોડું પણ જણાવે વધારે. વિચારતા લાગ્યું કે આમ પણ સરહદ પર એમને સાંભળનાર કોણ ?? કોની સાથે વાત કરીને હળવા થાય ?? ત્યારે સ્વાભાવિક છે કે પોતાના દિલને ખોલીને વાત કરીને હળવા થતા હોય છે. તેમની વાતોમાં મોટાભાગે તેમના સંતાનો અને ઘર જ મુખ્ય સ્થાને હોય છે.

આ વાત હતી ભારતના સૈનિકોની, સૈનિકોને મળવું તેમના ખબર-અંતર પૂછવા દરેક નાગરિકની ફરજ ગણાય. ભારતની બોર્ડર અને સૈનિકોની મુલાકાત લેવી સાવળ સરળ છે. જે સૌ માટે ગૌરવવંતી બની રહેશે. સૈનિકોને પ્રોત્સાહન પૂરું પાડશે. શાળા-કૉલેજો અને સૌ નાગરિકોએ આ ફરજ નિભાવવી જ રહી. અંતે લાલ બહાદુર શાસ્ત્રીજીએ યાદ કરીએ.

'જય જવાન, જય કિસાન.'